# જિલ્લા પંચાયતની ૧૧ બેઠકો પર પ્રતિષ્ઠાનો જંગ

**હાલીસા, છાલા બેઠક પર અપક્ષોનો આક્રમક પ્રચાર, પરિણામોને લઈ શરતોનું બજાર પણ ગરમાયુ : પલીયડ, સાંતેજ, બોરીસણામાં મિત્રમંડળની રાજનીતિ છવાઈ, છાલા-સાદરામાં સંગઠ્ઠનોની સક્રિયતાને લઈ રાજનીતિ ગરમાઈ**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયતની ૧૧ બેઠકો પરનો જંગ પ્રતિષ્ઠાનો જંગ બન્યો હોવાથી આ સમગ્ર પંચાયતની ચૂંટણીનો જંગ અને તેના પરિણામોને લઈ શરતોનું બજાર ગરમાઈ જવા પામ્યુ છે.

કલોલ તાલુકાની સાંતેજ બેઠક પર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોરે ભાજપમાંથી આ વેળાએ જંગમાં ઝુકાવ્યુ છે તો કોંગ્રેસ પક્ષે યુવા ચહેરો અને સંગઠ્ઠનની સક્રિયતાથી કસાયેલા રશ્મિજી ઠાકોરને મેદાનમાં ઉતાર્યા છે. બન્ને પક્ષો દ્વારા આ બેઠક પર પુરી તાકાત લગાડવામાં આવી છે. જો કે રામાજીને પક્ષાંતરનો મુદ્દો નડી રહ્યો છે એટલુ જ નહિ ભાજપના સ્થાનિક આગેવાનોમાં પણ તેમની ઉમેદવારીને લઈ ગણગણાટ છે. રશ્મિજી ઠાકોર સંગઠ્ઠનમાં કસાયેલા યુવા ચહેરા તરીકેની ઓળખ ધરાવે છે. સામાજિક સંબંધો જાળવવામાં તે આગવી ઓળખ ધરાવે છે. આ બન્ને ઉમેદવારોના જંગમાં મિત્રમંડળની રાજનીતિનું જબરૂ જોર જોવા મળી રહ્યું છે.

કલોલ તાલુકાની બોરીસણા બેઠક પર બોરીસણાના વર્તમાન સરપંચ અને વિસર્જીત પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન અમૃતાબેનના પતિ ગણપતસિંહ જંગમાં છે. ભાજપ સાથે સીધો જંગ છે. ભાજપે અહિ દિનેશજી ઠાકોરને મેદાનમાં ઉતાર્યા છે. જો કે ગણપતસિંહની આગવી કાર્યશૈલી અને ભારે લોકચાહના છે. તેઓનો વિજય આ બેઠક પર નિશ્ચિત મનાઈ રહ્યો છે.

કલોલ તાલુકાની ત્રીજી બેઠક પલીયડ બેઠક છે જેનો જંગ પ્રતિષ્ઠાનો બન્યો છે. આ બેઠક પર વિસર્જીત પંચાયતના ઉપ પ્રમુખ ભરતભાઈ પટેલે કોંગ્રેસમાંથી તો ભાજપમાંથી અનિલભાઈ પટેલે ઝુકાવ્યુ છે. ભરતભાઈએ પાંચ વર્ષ દરમ્યાન કરેલા કામોનો હિસાબ મતદારોને આપી અને મત માંગી રહ્યા છે. અનિલભાઈ જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય છે પણ પલિયડ બેઠક બહારના ઉમેદવાર તરીકેની છાપ તેમને થોડીક મુશ્કેલીઓ સર્જી રહી છે. જો કે બન્ને પાક્કા ખેલાડી છે પરંતુ ભરતભાઈ પટેલની જીત નિશ્ચિત મનાય છે.

ગાંધીનગર તાલુકાની છાલા બેઠક પર વિસર્જીત પંચાયતના પ્રમુખ મંગુબેન પટેલના પતિ શનાભાઈ પટેલ, ભાજપના એચ.કે. પટેલ તેમજ અપક્ષ રાહુલસિંહ રાણા વચ્ચે જામ્યો છે. જો કે શનાભાઈ પટેલની આગવી ઓળખને લઈ તેઓ ટક્કર આપી રહ્યા છે અને વિજયની લગોલગ ચાલી રહ્યા છે. અપક્ષ ઉમેદવાર પણ આક્રમક પ્રચાર કરી અને સૌનુ ધ્યાન કેન્દ્રીત કરી રહેલ છે. જો કે અહિ ભાજપ દ્વારા આક્રમક પ્રચાર અભિયાન ગોઠવાયુ નથી. ભાજપ પરંપરાગત મત તેમજ અપક્ષ ઉમેદવારથી થનાર ફાયદાને નજરમાં રાખી આગળ વધતુ જણાય છે.

સાદરા બેઠક પર વિસર્જીત પંચાયતના કારોબારીના પૂર્વ ચેરમેન અરવિંદસિંહ સોલંકી કોંગ્રેસમાંથી અને ભાજપમાંથી ચંદ્રાલાના પૂર્વ સરપંચ દિલીપભાઈ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે. અહિ ચૌધરી મતો નિર્ણાયક સાબિત થશે. ભાજપે પણ અહિ પ્રચાર અભિયાનમાં આક્રમકતા બતાવી છે તો અરવિંદસિંહ અહિ મિત્ર મંડળની રાજનીતિ અને સામાજિક સમીકરણોને અંકે કરવાની ગણતરીઓ સાથે આગળ વધી રહ્યા છે.

દહેગામ તાલુકાની કડજોદરા બેઠક પર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને ભાજપ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે. અહી શેરી નાટકો પણ પ્રચાર અભિયાનનું આકર્ષણ બન્યા છે. આજે છેલ્લે દિવસે ડૉ. સી.જે. ચાવડાએ અહિ જાહેરસભા સંબોધી હતી.

ડોર ટુ ડોર અભિયાનમાં બન્ને ઉમેદવારોને સારો પ્રતિસાદ સાંપડ્યો છે. કોંગ્રેસની જૂથબંધી ના નડે તો સૂર્યસિંહ વિજયી થશે, બીજી તરફ ભાજપ પણ જૂથબંધીના ગણિતનો તારો મેળવી અને આયાતી ઉમેદવાર ના જોઈએ તેવો પ્રચાર કરી રહેલ છે. અહિ મતદારો મન કળવા દેતા નથી.

માણસા તાલુકાની ઈટાદરા, સોજા, ચરાડા તેમજ બિલોદરાની બેઠકનો જંગ પણ બરાબર જામ્યો છે. ઈટાદરા બેઠકમાં શિક્ષક પત્નીઓનો જંગ છે. સોજા બેઠક પર પૂર્વ સભ્ય અને પૂર્વ સરપંચ વચ્ચેનો જંગ છે. ચરાડાની બેઠક પર વિસર્જીત પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન કીર્તિબેન પટેલ જંગમાં છે. ચરાડાની બેઠકમાં સહકારી આગેવાનો સક્રિય બન્યા છે. આ જંગમાં બન્ને પક્ષોનું સંગઠ્ઠન સક્રિય છે.

ગાંધીનગર તાલુકાની ઉવારસદ બેઠક પર કોંગ્રેસના નરેશજી ઠાકોર અને ભાજપના ભરતજી ઠાકોર વચ્ચે તીવ્ર મુકાબલો છે. અહિ ગઈકાલે સાંસદ જુગલજી ઠાકોરે સભા સંબોધી હતી. નરેશજી ઠાકોર વિસર્જીત પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન હતા. તેમની આદરજ મોટી વિસ્તાર પરની પક્કડ છે.

દહેગામ તાલુકાની હાલીસા બેઠક પર ભાજપ-કોંગ્રેસ કરતાં અહિ અપક્ષ ઉમેદવારનો ઘોડો આગળ જણાય છે. અહિ બન્ને મુખ્ય પક્ષો અપક્ષ સામે જંગ લડતા હોય તેવુ ચિત્ર ઉભુ થયુ છે.

ટિકિટને લઈ કોંગ્રેસમાં ચાલેલા વિવાદ પછી ભાજપ પણ આ બેઠક મેળવવા આક્રમક બન્યુ હતુ પરંતુ જે રીતે અપક્ષને સમર્થન મળી રહ્યુ છે તે જોતાં આ બેઠકનું પરિણામ આશ્ચર્યજનક હશે તેમ રાજકીય વર્તુળોનું કહેવુ છે.

# કોરોના કાળમાં લોનના હપ્તા પણ ભરાતા નથી

**અમારો ધંધો બગડે છે... તમારે અહીં નહીં બેસવાનુ... વેપારીઓ પણ દાદાગીરી કરે છે : પાથરાણાવાળા : સે-૨૧ માં પાથરણાવાળા વેપારીઓનો આક્રોશ : કોરાના કાળમાં આત્મનિર્ભર થવા સરકારી યોજના હેઠળ લોન મેળવીને માંડ બે ટાઇમનુ પેટીયુ રળીએ છીએ**

ગાંધીનગર તા ૨૬

તમારે અહીં બેસવાનુ નહી... અમારો ધંધો બગડે છે. સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં બેસતા પાથરણુ લઈ બેસતા નાના વેપારીઓને સ્થાનિક વેપારીઓ તેમજ દબાણતંત્ર દ્વારા દુર કરવામાં આવતા અંદાજિત ૩૦૦ જેટલા પાથરણાવાળા વેપારીઓમાં આક્રોશ ભભુકયો છે. કોરોનાના કપરા કાળમાં આત્મનિર્ભરની લોન લઈને માંડ બે ટાઈમ પરિવારજનો માટે પેટીયુ રળતા વેપારીઓએ આજે એકત્રિત થઈ વિરોધ વ્યકત કર્યો હતો.



જયારે આ મામલે દબાણતંત્ર અને લારી ગલ્લા એસોસિશનને પણ રજુઆત કરી છે. વેપારીઓએ આ તબક્કે તેમને વેપાર કરવા દેવા માટે પણ આજીજી કરી છે.

સે-૨૧ માં પાથરણાંના વેપારીઓને વેપાર ધંધા માટે બેસવા ન દેવાતા નાના વેપારીઓમાં રોષ પ્રવર્તયો છે. સે-૨૧ના ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરના વિસ્તારમાં અંદાજિત ૩૦૦ જેટલા પાથરણાવાળા ખુલ્લામાં બેસીને નાની મોટી ચીજવસ્તુઓનુ વેચાણ કરી તેમના પરિવારજનોનુ ગુજરાન ચલાવે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી દબાણ તંત્રના અધિકારીઓ તેમજ સ્થાનિક વેપારીઓ દ્વારા પાથરણાંવાળા વેપારીઓને બેસવાની ના પાડીને હેરાન કરવામાં આવી રહ્યા હોવાનો રોષ પણ તેમણે વ્યકત કર્યો છે. વેપારીઓના જણાંવ્યા મુજબ આ વિસ્તારમાં અંદાજિત ૩૦૦ જેટલા વેપારીઓ પાથરણાં પાથરીને ખુલ્લામાં રોડીમેઈડ કપડા, દુપટ્ટા, નાસ્તા તેમજ બુટ ચંપલ જેવી ચીજવસ્તુઓનો વેપાર કરીને તેમના પરિવારજનો માટે પેટીયુ રળે છે. જયારે કેટલાક વેપીઓએ કોરોનાના કપરા કાળમાં સરકારની આત્મ નિર્ભર યોજના અન્વયે રૂ ૧૦ હજારની લોન પણ લીધી છે. ત્યારે વારંવાર દબાણ તંત્ર તેમજ ડિસ્ટ્રીકટ શોપિંગના વેપારીઓ દ્વારા કનડગત કરવામાં આવતા દર મહીને લોનના હપ્તા ભરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. આ પાથરણાંના વેપારીઓમાં મહીલાઓ પણ સામેલ છે. જયારે દબાણ તંત્ર અને વેપારીઓ કનડગત કરતા હોવાનો આક્રોશ વ્યકત કરતા તેમણે જણાંવ્યુ હતુ કે સ્થાનિક

● અનુસંધાન પાન-૭ પર

**ડિઝીટલ ઇન્ડિયાની વાતો વચ્ચે**

# શહેરમાં પાણી વેરો ઓનલાઇન ભરવાની હજુ કોઇ વ્યવસ્થા નથી

**કોરોનાના કપરા સમયમાં પણ રૂબરૂ જઇને જ વેરો ચુકવવા જોડાણકર્તાઓ મજબુર : રહીશો આગ બબુલા**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં પાણી ગટર વેરાની નબળી વસુલાતનો આંકડો દર વર્ષે ધ્યાને આવે છે. ત્યારે સેકટરોમાં ઉઠતી પાણીની પોકાર વચ્ચે આ વર્ષે કોરોનાના કપરા કાળમાં પાણી વેરાની ચુકવણી માટે કોઈ ઓનલાઈન સિસ્ટમ કાર્યરત કરવામાં આવી નથી જેના લીધે જોડાણ કર્તાઓએ સંક્રમણના ભય વચ્ચે રૂબરૂ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. પાણી વેરા વસુલાત અન્વયે દર વર્ષે નબળી કામગીરી પણ સ્પષ્ટ થાય છે. ત્યારે ડિઝીટલ ઈન્ડિયાની વાતો વચ્ચે પાટનગરમાં દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે.

ગાંધીનગરમાં દરવર્ષે ફેબ્રુઆરી મહીનામાં પાણી ગટર વેરો ઉઘરાવવા માટે બિલનુ વિતરણ કરવામાં આવે છે.જયારે બિલ વિતરણની કામગીરી પણ યોગ્ય રીતે ન થતી હોવાનો રોષ વારંવાર ઉઠવા પામે છે. બીજીતરફ સરકારે માર્ચ મહીનામાં વેરો ચુકવનારને વળતર ચુકવવાની યોજના પણ અમલી બનાવી છે. ત્યારે પાણી ગટર વેરાની પુરતી વસુલાત કરવા માટે ચાર કાઉન્ટરો પણ કાર્યરત કરાયા છે. પરંતુ સમયની સાથે પાણી ગટર વિભાગનો વહીવટ અપગ્રેડ થયો નથી. ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. ત્યારે પાણી ગટરની દાયકાઓ જુની લાઈન પણ નવી નાંખવા માટે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આવા સંજોગોમાં પાણી ગટરનો વેરો ઉઘરાવાની પધ્ધતિમાં કોઈ ફેરફાર કરાયો નથી. એકબાજુ દર વર્ષે વસુલાતના અંતે તંત્રના ચોપડે ઉધારીનો આંકડો પણ મોટો હોવાનુ સ્પષ્ટ થાય છે ત્યારે ગાંધીનગરમાંથી જયાં ગામડાઓને પણ

● અનુસંધાન પાન-૭ પર

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ૬ સ્થાનો પરથી રિસીવીંગ ડિસ્પેચીંગ થશે

**જિલ્લામાં મતગણતરી માટે પણ ૬ સ્થાનો નિયત કરાયા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તંત્રએ તેની તૈયારીઓ પૂરી કરી લીધી છે. જિલ્લા પંચાયત તેમજ ત્રણ તાલુકા પંચાયત અને બે નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા એક નગરપાલિકાની પેટા ચૂંટણી માટે જિલ્લામાં ઈ.વી.એમ. માટે ૬ સ્ટ્રોંગરૂમ બનાવવામાં આવ્યા છે અને ૬ સ્થાનો પર ૨જી માર્ચના રોજ એક સાથે મતગણતરી શરૂ થશે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ૬ સ્થાનોએથી રિસીવીંગ અને ડિસ્પેચીંગની કામગીરી કરવામાં આવશે. આ ચૂંટણી કોરોનાની મહામારીના કાળમાં થઈ રહી હોવાથી રિસીવીંગ અને ડિસ્પેચીંગના સ્થળોએ કર્મચારીઓનું થર્મલ ગનથી સ્ક્રીનીંગ કરવામાં આવશે.

મતદાન મથકો પર કોરોના ગાઈડલાઈન પ્રમાણે સેનેટાઈઝરની બોટલ, થર્મલ ગનથી સ્ક્રીનીંગ, કર્મયોગીઓ અને મતદારો માટે હેન્ડ ગ્લોવઝ, કર્મયોગીઓ માટે માસ્ક, ફેસ શિલ્ડની પણ ખાસ કીટ બનાવવામાં આવી છે.

મતદાન મથકે સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે પણ ખાસ જવાબદારી પોલીસ અને હોમગાર્ડના જવાનોને સોંપવામાં આવી છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ કોઈ આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ નથી. જો કે જિલ્લામાં હોર્ડિંગ્સ, બેનરો જે સરકારી મિલ્કતો પર હતા તે ૪૦૦ થી વધુ દૂર કરવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે બપોરના ૧૨ વાગ્યા પછી મતદાન માટે પોલિંગ ટીમો રવાના થશે. આજે અને ગઈકાલે પોલિંગ ટીમોને કોવિડ ગાઈડલાઈનના પાલન માટેની ખાસ બેઠકો યોજી વિશેષ સૂચનાઓ પણ આપવામાં આવી છે.

**વેચવાની છે**
ઈન્ડસઈન્ડ બેંક દ્વારા કબ્જો લીધેલ અશોક લેલેન્ડ ૨૫૧૮
ટીપર-BS4-2018
MP-21-H-1589
ઈન્ડસઈન્ડ બેંક લી.
૪૦૫/૪૦૬, અરીસ્ટા બિઝનેશ સ્પેશ, સીંધુભવન રોડ, અમદાવાદ.
મો. ૭૦૪૩૩૩૨૭૯૫

# જિલ્લામાં ૧૦ નવા કેસ

**કુડાસણના ૪ કેસ સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પાંચ કેસ : સે. ૨૭, ૨૧, ૨૮, ૪ અને આઈ.આઈ.ટી.માંથી કેસ મળી આવ્યા : નવ દર્દીને ડિસ્ચાર્જ અપાયું**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર નોંધાતો હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરમાં આજે ૫-૫ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માત્ર ગાંધીનગર તાલુકામાંથી જ કેસો મળી રહ્યા છે. ગાંધીનગર તાલુકામાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી આજે ૪ કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. આ ૪ દર્દીમાં બે પુરૂષ અને મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉવારસદ ગામેથી પણ ૪૭ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૦૯૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૭૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાંથી પણ આજે વધુ પાંચ દર્દી મળી આવ્યા છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓમાં એક વિદ્યાર્થી, કમાન્ડો તરીકે ફરજ બજાવતા કર્મયોગી, આઈ.આઈ.ટી.ના રિસર્ચ સ્કોલર અને સ્ટાફ નર્સ તરીકે અમદાવાદમાં ફરજ બજાવતી કર્મયોગીનીનો સમાવેશ થાય છે. શહેરમાં આજે સે. ૨૭, ૨૧, ૨૮ અને સે. ૪ ઉપરાંત આઈ.આઈ.ટી. કેમ્પસનો સમાવેશ થાય છે. આઈ.આઈ.ટી. ગાંધીનગરમાંથી મળેલ દર્દીને આઈ.આઈ.ટી. ગાંધીનગરના ગેસ્ટહાઉસમાં આઈસોલેશનમાં રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૫૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર પડધમ શાંત થયા

**દરેક બેઠકો પર ઉમેદવારો દ્વારા શક્તિ પ્રદર્શન માટે રેલીઓ થઈ, ગૃપ બેઠકો, ડોર ટુ ડોર અભિયાનમાં મોંઘવારી, ખેડૂત આંદોલન તેમજ વીજળી સહિતના પ્રશ્નો ચમક્યા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર-પડધમ શાંત થયા છે. આજે પ્રચાર અભિયાનના અંતિમ દિવસે લગભગ તમામ બેઠકો પરના ઉમેદવારો દ્વારા શક્તિ પ્રદર્શન માટે રેલીઓનું આયોજન કરાયુ હતુ.

૧૨ દિવસના આ પ્રચાર અભિયાનમાં છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન જ અભિયાન ચરમસીમાએ પહોંચ્યુ હતુ. આ વખતના પ્રચાર અભિયાનમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાન ઉપરાંત મિત્ર મંડળની રાજનીતિ એ મુખ્ય પાસાઓ રહ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં ખાટલા પરિષદોએ પણ આકર્ષણ જમાવ્યુ હતુ.

ડી.જે. ના તાલ સાથે પ્રચાર અભિયાન રિક્ષા અને વાહનોમાં આકર્ષણનું કેન્દ્ર હતા. જો કે આ વખતે મતદારો મક્કમ વધુ રહ્યા છે અન તેમના મન કળવા દેતા નથી. ઉમેદવારો દ્વારા રાત્રિના સમયે નાસ્તાઓ કરાવવામાં આવતા હતા પરંતુ મતદારે તે ક્યાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ડેપોની ૨૬ બસો શનિ - રવિવારે ચુંટણી કામ માટે દોડશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચુંટણી પ્રક્રીયાના પ્રચાર પડઘમ શાંત થયા બાદ રાજકીય પક્ષો યોગ્ય મતદાન તેમજ બુથ મેનેજમેન્ટની વ્યવસ્થા માટે ઉત્સુક જોવા મળી રહ્યા છે. જયારે શાંતુપુર્ણ માહોલમાં મતદાન થાય તે માટે પુરતી તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. ત્યારે મતદાન મથક પર સ્ટાફ સહીત જરૂરી ચીજવસ્તુઓની અવરજવર માટે યોગ્ય વાહન વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. આ માટે ગાંધીનગર ડેપોની ૨૬ બસો પણ ફાળવવામાં આવી છે. જયારે ચુંટણી કામગીરી માટે બસ ફાળવવામાં આવતા શહેરી બસ સેવા પણ પ્રભાવિત થશે.

સ્થાનિક સ્વરાજની ચુંટણીને અનુલક્ષી પ્રચાર પડઘમ શાંત પડી ગયા છે. જયારે રવિવારે મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે ત્યારે મતદાનની પ્રક્રીયા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પણ જરૂરી તૈયારીઓ કરી દેવામાં આવી છે. મતદાન મથકો પર યોગ્ય સંકલને અને સુવિધા જળવાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. આ ઉપરાંત મતદાન મથક પર ઉપયોગમાં લેવાનારી ઈ વી એમ મશીન સહીતની ચુંટણી સ્ટાફને અનુલક્ષી જરૂરી વાહન સેવા પુરી પાડવા માટે પણ વ્યવસ્થા કરી દેવામાં આવી છે. ચુંટણી તેમજ ધાર્મિક કાર્યક્રમો અને સરકારી સમારોહમાં એસ ટી ની બસનો

● અનુસંધાન પાન-૭ પર

રબારી ગોપાલક છાત્રાલય, ડીસા સંચાલિત
શૈક્ષણિક સંકુલ, શમશેરપુરા ખાતે
નવિન સંકુલનું ખાત મુહુર્ત
જાહેર આમંત્રણ



બનાસકાંઠા જીલ્લાના સર્વે રબારી સમાજને જણાવવાનું કે, રબારી ગોપાલક છાત્રાલય, ડીસા સંચાલિત, શૈક્ષણિક સંકુલ, શમશેરપુરા ખાતે નવિન સંકુલનું ખાત મુહુર્ત તા.૨૮/૦૨/૨૦૨૧ ના રોજ રાખેલ છે. ડીસા અને લાખણી તાલુકાના ૧૨૫ ગામમાં શિક્ષણ રથની ભવ્ય સફળતા પછી સંકુલ અને કન્યા છાત્રાલય ડીસા નું ભવ્ય નિર્માણ થશે. જેથી સર્વે રબારી સમાજના સર્વ દાતાઓ, આગેવાનો, યુવાનો, કર્મચારીગણ તેમજ બહેનોને હાજર રહેવા અમારૂં ભાવભર્યુ આમંત્રણ છે.
॥ સમય ॥
તા.૨૮/૦૨/૨૦૨૧ ને રવિવાર, સવારે ૮.૧૫ થી ૧૨.૧૫ કલાક સુધી
॥ સ્થળ ॥
સમશેરપુરા, ડીસા - થરાદ હાઈવે, તા. ડીસા, જી.બ.કાં.
॥ નિમંત્રક ॥
એક શુભેચ્છક...
રબારી ગોપાલક છાત્રાલય, ડીસા

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com